**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 20-11-2024 સમય : સવારે 6.50 વાગ્યે**

---

## આજે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણી

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની આજે યોજાનારી ચૂંટણી માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં તમામ 288 બેઠકો માટે મતદાન થશે, ચૂંટણીમાં કુલ 4,136 ઉમેદવારો મેદાનમાં છે જેમાં 2,086 અપક્ષ દાવેદારોનો સમાવેશ થાય છે. ભાજપે 149, શિવસેનાએ 81 અને અજિત પવારની આગેવાની હેઠળની NCPએ 59 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. કોંગ્રેસે 101, શિવસેના-UBTએ 95 અને NCP-SPએ 86 ઉમેદવારો ઉભા રાખ્યા છે. બહુજન સમાજ પાર્ટી અને AIMIM સહિતના નાના પક્ષો પણ ચૂંટણી લડી રહ્યા છે. દરમિયાન, આજે ઝારખંડમાં બીજા અને અંતિમ તબક્કામાં 38 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં 528 ઉમેદવારો મેદાનમાં છે. બંને રાજ્યોમાં 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

બીજી બાજુ પંજાબમાં આજે ચાર વિધાનસભા મતવિસ્તારોમાં યોજાનારી પેટાચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદાન પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે 3,800 થી વધુ મતદાન કર્મચારીઓને ફરજો સોંપવામાં આવી છે.

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------

## શિયાળુ સત્ર પૂર્વે સર્વદળીય બેઠક

કેન્દ્ર સરકારે સંસદના શિયાળુસત્ર પૂર્વે 24 નવેમ્બરના રોજ સર્વદળીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સરકાર લોકસભા અને રાજ્યસભાના શિયાળુસત્રના શાંતિપૂર્ણ અને યોગ્ય સંચાલન માટે તમામ પક્ષોનું સમર્થન મેળવવા પ્રયાસ કરશે. મહત્વનુ છે કે સંસદનું શિયાળું સત્ર 25 નવેમ્બરના રોજ શરૂ થઈને 20 ડીસેમ્બરે પૂરું થશે.

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------

## ગૃહમંત્રી અમિત શાહ રાજ્યની મુલાકાત : વિવિક કાર્યક્રમ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગઇકાલે રાજ્યની મુલાકાતના બીજા દિવસે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠાના હિમ્મતનગરમાં આવેલી સાબર ડેરીના પશુઆહારના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે ખેડૂતોને અને ખાસ કરીને મહિલાઓને પ્રાકૃતિક ખેતીને અપનાવવા પર ભાર મૂક્યો હતો. દૈનિક 800 મેટ્રિક ટન પશુઆહારના ઉત્પાદનની ક્ષમતાવાળા નવા પ્લાન્ટનું લોકાર્પણ કરતાં શ્રી શાહે જણાવ્યું કે, છ દાયકાથી કાર્યરત્ સાબર ડેરી આજે ત્રણ લાખ પચાસ હજાર પરિવારોની રોજીરોટી મેળવવાનું સાધન બની છે.

આ પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રીએ ગાંધીનગર ખાતે 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે, 'છેલ્લા 50 વર્ષમાં દેશ અને વિશ્વમાં પરિવર્તન આવતાં પોલીસનું સ્વરૂપ બદલાયું છે.' 'છેલ્લા 10 વર્ષ દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તર-પૂર્વ અને નક્સલવાદ જેવા સૌથી હિંસા અસરગ્રસ્ત વિસ્તારોમાં 70 ટકા હિંસા ઓછી કરવામાં સફળતા મળી છે.

**RNU અમદાવાદ**

---

## બિનખેતી જમીનનો પુન: હેતુફેર કરી શકાશે

રાજ્યમાં બિનખેતી થયેલી હોય તેવી જમીન પુનઃહેતુફેર માટે આવે ત્યારે પ્રવર્તમાન જંત્રી કિંમતના 10 ટકા વસૂલ કરીને જમીનને હેતુફેર બિનખેતી કરી શકાશે. રાજ્યમાં સુધારેલ બિનખેતી

પરવાનગીની પ્રક્રિયા ત્વરિત અને પારદર્શક બનાવવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય મુજબ, કોઈ પણ હેતુ માટે અગાઉ પ્રીમિયમ વસૂલ કરવાપાત્ર હોવા છતાં પ્રીમિયમ વસૂલ થયા વિના બિનખેતી થઈ હોય તેવી જમીન પુન: હેતુફેર માટે આવતી જમીનને બિનખેતી કરી અપાશે. ઉપરાંત જે કિસ્સાઓમાં પ્રીમિયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયો હોય તેવા કિસ્સામાં આ નિર્ણય લાગુ નહીં કરવામાં આવે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય વ્યાપી 'આપણું શૌચાલય' અભિયાન

રાજ્યના ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ગામડાઓને વધુ સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે ગઇકાલે રાજ્યવ્યાપી "આપણું શૌચાલય, આપણું ગૌરવ" અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.

ગાંધીનગર ખાતે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી નિમિત્તે શ્રી પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, દેશના ગામડાઓ વધુ સ્વચ્છ બને, ઘન કચરાનો યોગ્ય નિકાલ થાય, સુદ્રઢ ગટર વ્યવસ્થા હોય અને સ્વચ્છતા થકી નાગરિકોના આરોગ્યને વધુમાં વધુ ગુણવત્તાયુક્ત બનાવવાના હેતુથી આ અભિયાન શરૂ કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, આગામી ૧૦ ડિસેમ્બર સુધી ચાલનાર આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા કલેક્ટર પ્રાકૃતિક ખેતી પર ભાર મૂક્યો

જીલ્લા કલેક્ટર અમીત અરોરા દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે થઈ રહેલી વિવિધ સ્તરીય કામગીરીની વિગતો જિલ્લા કલેક્ટરએ મેળવીને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ પ્રાકૃતિક ખેતી સાથે નવા જોડાયેલા ખેડૂતોની સંખ્યા અને તેમની ખેત ઉત્પાદનો માટે વેચાણ વ્યવસ્થા, પાંચ ગ્રામ પંચાયતના કલસ્ટર દીઠ તાલીમ, જિલ્લા અને તાલુકાકક્ષાએ પ્રાકૃતિક પેદાશોના વેચાણ કેન્દ્રો, વિકાસ સપ્તાહ દરમિયાન ખેડૂતો માટે વિશેષ પ્રાકૃતિક ખેતીની તાલીમ વગેરે વિગતો મેળવી હતી. તેમણે મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે દિશામા વિશેષ કામગીરી કરવા ભાર મુક્યો હતો.

**માહિતી ખાતુ**

---